# Mitesh C. Patel

**Advocate** (Gujarat High Court) (B.Com., LL.B)

**First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.**


**પ્રતિશ્રી**

**ગ્રેટ બિલ્ડર્સના નામથી**

**ચાલતી ભાગીદારી પેઢી**

**<u>—:: જમીનના ટાઈટલ સંબંધે અભિપ્રાય આપવા બાબત ::—</u>**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ મહાનગર પાલીકાની હદમાં આવેલ **રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૪૩૬ પૈકી**ની જમીન એકર ૪—૦૮ ગુંઠામાં રહેણાંક હેતુ માટે બીનખેડવાણ થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમાં આવેલના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧૭ પૈકી પશ્ચિમ તરફની ઉત્તરના એક રસ્તા વાળી ખુલ્લી જમીન ચો.મી.આ. ૩૪૬—૦૦ (સીટી સર્વે પ્રો. કાર્ડ મુજબ જમીન ચો.મી.આ. ૩૪૫—૫૧)** છે. <u>તે જમીનનો ૩૦—વર્ષની સર્ચ કરી રીપોર્ટ આપવા અંગે.</u>

**<u>મિલકતનું વર્ણન :—</u>**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ મહાનગર પાલીકાની હદમાં આવેલ **રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૪૩૬ પૈકી**ની જમીન એકર ૪—૦૮ ગુંઠામાં રહેણાંક હેતુ માટે બીનખેડવાણ થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમાં આવેલના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧૭ પૈકી પશ્ચિમ તરફની ઉત્તરના એક રસ્તા વાળી ખુલ્લી જમીન ચો.મી.આ. ૩૪૬—૦૦ (સીટી સર્વે પ્રો. કાર્ડ મુજબ જમીન ચો.મી.આ. ૩૪૫—૫૧)** જે અમો વેચનાર ભાગીદારી પેઢીએ રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૬૧૯૬, તા. ૧૮/૧૦/૨૦૧૭ ના રોજથી શ્રી મુળજીભાઈ વશરામભાઈ ઘેડીયા વિગેરે પાસેથી ખરીદ કરેલ છે.

એમ ઉપરોકત પ્લોટ અમો વેચનાર ભાગીદારી પેઢીએ ખરીદ કરી અને માલીકી હકક તેમજ કબજો, ભગોવટો સંભાળેલ છે, તથા સદરહું તમામ પ્લોટસની અમો ભાગીદારી પેઢી દ્વારા રાજકોટ સીટી રેવન્યુ રેકર્ડ પ્રોપર્ટી કાર્ડ માહે એન્ટ્રી કરાવેલ છે. ત્યાર બાદ સદરહું ઉપરોકત તમામ પ્લોટસની જમીન ઉપર અમો ભાગીદારી પેઢી દ્વારા લો—રાઈઝ રહેણાંક બિલ્ડીગનું બાંધકામ કરવાનું નકકી કરતા રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનમાં બિલ્ડીગ પ્લાન બાંધકામ પરવાનગી ર.ચી.નં. ૩૫૧, તા.૧૮/૦૭/૨૦૧૮ તથા આરંભ પ્રમાણપત્ર ક્રમાંક નં. ડેવ.સા.ઈ.નં. ૧૩૦, તા. ૨૫/૦૪/૨૦૧૮ ના રોજથી બિલ્ડીગ પ્લાન મંજુર કરાવેલ છે. તથા સદરહું પ્લોટની જમીન ઉપર મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ રહેણાંક લો—રાઈઝ બાંધકામ થયેલ છે. તથા સદરહું પ્લોટસની જમીન ઉપર મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ રહેણાંક લો—રાઈઝ બાંધકામ થયેલ છે. તથા સદરહું રહેણાંક લો—રાઈઝ બિલ્ડીગને અમો ભાગીદારી પેઢી દ્વારા સ્થળ ઉપર **"સેન્ચ્યુરી કમ્ફર્ટ"** નામ આપેલ છે.